જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૩૧/૭/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-**  **સમાચાર યાદી નં.૧૫૪૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬૬ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭ બિયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૬૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-**  **સમાચાર યાદી નં.૧૫૪૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી :-**  **સમાચાર યાદી નં.૧૫૪૩/૧૫**

**કાલુપુર :** મનોહરલાલ લાલચંદ વનવાલીયા (રહે.કિષ્ના એપાર્ટમેન્ટ, જજીસ બંગ્લોઝ પાસે, બોડકદેવ) એ તા.૩૦/૭/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૧૪ થી તા.૯/૧/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રેવડીબજાર મસ્કતી માર્કેટ ખાતે આવેલ પંજાબ નેશનલ બેંકમાંથી આરોપી (૧) અલ્કેશભાઇ સોમાભાઇ પટેલ અને (૨) અનિતાબહેન અલ્કેશભાઇ પટેલ (બંને રહે.ન્યાસા સ્ટીલ પેઢી, અભીનવ આર્કેટ, વિરાટનગર) એ મશીનરી લોન પેટે રૂપિયા ૬૦,૦૦,૪૦૦/- લઇ, મશીનરી સગે-વગે કરી લોનની ભરપાઇ નહીં કરી, બેંક સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** અનીરૂધ્ધભાઇ અજીતકુમાર યાસીક (રહે.અવધાપાર્ક લેન, જલારામ પરોઠા હાઉસનાં ખાંચામાં, સાયન્સ સીટી રોડ, સોલા) એ તા.૩૦/૭/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૧૦ થી તા.૨૫/૧૨/૨૦૧૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જયંતીલાલ મણીલાલ પટેલ (રહે.સોમ ગોકુળ એપાર્ટમેન્ટ, નિર્ણયનગર ગરનાળા પાસે, રાણીપ) અને (૨) અશ્વીનભાઇ રમેશભાઇ પટેલ (રહે.રાજેશ્વરી સોસાયટી પાસે, રેલવે ફાટક પાસે, તા.બહુચરાજી, મહેસાણા) એ ભેગામળી ગોતા, વંદેમાતરમ સીટી ખાતેનાં ફ્લેટ ડી/૨૦૪ નાં વેચાણ પેટે કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- અનીરૂધ્ધભાઇ પાસેથી મેળવી લઇ, ફલેટ નહીં આપી, બીજાને ફ્લેટ વેચી દઇ, અનીરૂધ્ધભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)